1. નિષેધાધિકાર એટલે શું ?

- સંયુક્ત રાષ્ટ્રની સલામતી સમિતિમાં 5 કાયમી સભ્યો છે. તેઓની પાસે વિશેષ સત્તાઓ હોય છે. જેમાં આ કાયમી દેશોને નકારાત્મક મત આપવાની અસાધારણ સત્તા (veto) આપવામાં આવેલ છે જેને નિષેધાધિકાર કહેવાય છે. સલામતી સમિતિની કાર્યવાહીને લગતી બાબતો અંગે નિર્ણય લેવાનો હોય ત્યારે 15 માંથી 9 સભ્યોની સંમતિ જરૂરી છે. જેમાં 5 કાયમી સભ્યોની સંમતિ અનિવાર્ય છે. જો આ 5 કાયમી સભ્યો પૈકી કોઈ એકપણ (Veto Power) નિષેધાધિકારનો ઉપયોગ કરે તો નિર્ણય રદ થાય છે.

2. આર્થિક અને સામાજિક સમિતિનાં કાર્યો જણાવો.

- (1) સભ્ય સંખ્યા : સંયુક્ત રાષ્ટ્રની આર્થિક અને સામાજિક સમિતિ 54 સભ્યોની બનેલી છે.

  (2) સભાઓ : આર્થિક અને સામાજિક સમિતિની વર્ષમાં બે વખત સભાનું આયોજન થાય છે.

  (3) નિર્ણય : કોઈપણ બાબત અંગે સભામાં હાજર રહેલા સભ્યો દ્વારા મતદાન કરાવી બહુમતીથી નિર્ણય લેવાય છે.

  (4) સભ્ય રાષ્ટ્રના હોદ્દાની મુદત : આર્થિક અને સામાજિક સમિતિના કુલ સભ્યો પૈકી ક્રમાનુસાર દર વર્ષે 1/3 સભ્યો (18) નિવૃત થાય છે. એટલે કે 18 સભ્યો ત્રણ વર્ષ માટે આ સમિતિનું સભ્યપદ ધારણ કરે છે.

  (5) કાર્ય : આર્થિક અને સામાજિક સમિતિ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક અને સ્વાસ્ય જેવી બાબતોનો અભ્યાસ હાથ ધરી તે અંગે અહેવાલો તૈયાર કરે છે.

  (6) સહયોગી સંસ્થાઓ : આંતરરાષ્ટ્રીય અણુશક્તિ પંચ (IAFA), સંયુક્ત રાષ્ટ્રની શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંસ્થા (UNESCO) Wolrd Health Organaization(WHO).

3. સંયુક્તરાષ્ટ્રના મહામંત્રીની ભૂમિકા જણાવો.

- સંયુક્ત રાષ્ટ્રમાં મહામંત્રીની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની છે. તે સંયુક્ત રાષ્ટ્રની વહીવટી જવાબદારી સંભાળે છે. મહામંત્રીને વિશ્વશાંતિ જાળવવા માટે પહેલ (શરૂઆત) કરવા માટેનો અધિકાર આપેલ છે. મહામંત્રી આંતરરાષ્ટ્રીય અદાલત સિવાયના ચાર રાજકીય અંગોની તમામ બેઠકોમાં મુખ્ય વહીવટી અધિકારી તરીકે હાજરી આપે છે. મહામંત્રીએ દર વર્ષે સચિવાલયની કામગીરીના અહેવાલ સામાન્ય સભામાં રજૂ કરવાના હોય છે.

4. સંયુક્ત રાષ્ટ્રોની શાંતિની નીતિમાં ભારતની ભૂમિકાની ચર્ચા કરો.

- યુએનમાં ભારતીય અર્થપૂર્ણ ભૂમિકા ભજવી છે તેના સ્થાપક સભ્યોમાં એક દેશ છે. આ વિશ્વ ધારાસભાના ધ્યેયો, ઉદેશો, સિદ્ધાંતોને સુસંગત અને ચરીતાર્થ કરતી વિદેશનીતિ ભારતે કરી છે. ગણતંત્ર ભારતની અશોકવાદી શાંતિની પરંપરાને આધારે પણ પ્રારંભથી જ "વસુધવ કુટુંબ ની વૈશ્વિક કલ્યાણની નીતિ જોવા મળે છે. ભારતના બંધારણની કલમ 5માં "રાજયનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના સંદર્ભમાં આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી સજાય તેમ જ આંતરરાષ્ટ્રીય તકરાર નિવારણ, વાટાઘાટો અને શાંતિમય પ્રક્રિયા રીતે આવે તે અંગે પ્રાધાન્ય અપાયું છે." ટૂંકમાં યુ.એન.ના ઉદેશોનું પ્રતિબિંબ ભારતીય બંધારણમાં જોવા મળે છે.